For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સચિન જીઆઈડીસીમાં આવેલી સબકા ફૂડ્સ નામની ફેક્ટરીમાંથી નકલી ઘીની ફેક્ટરી પકડાઈ

કેમિકલના ઈન્જેક્શનથી બને છે 'નકલી ઘી'

1 કિલો ઘીમાંથી 15 કિલો નકલી ઘી બનાવવામાં આવતું હતું, બેની ધરપકડ કરવામાં આવી

નકલી ઘી 'વિદુર' બ્રાન્ડના નામે વેચવામાં આવતું હતું, 78 ડબ્બા કબ્જે કરી તપાસ માટે મોકલાયા

સુરતઃ નકલી પનીર અને નકલી ઘી મામલે સુરત હવે એપી સેન્ટર બની ગયું હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. એસઓજીએ સચિન GIDCમાં દરોડા પાડીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. 'સબકા ફૂડ્સ' નામની ફેક્ટરીમાં માત્ર ૧ કિલો શુદ્ધ ઘીનો ઉપયોગ કરી તેમાંથી ૧૫ કિલો નકલી ઘી તૈયાર કરવામાં આવતું હતું. આશ્ચર્યની વાત એ છે કે, આરોપીઓ કોઈ પ્રોફેશનલ

...અનુસંધાન પાના 5 પર

દરેક બેચમાં સરખી ગુણવત્તા દેખાય તે માટે ઈન્જેક્શનથી કેમિકલ નંખાતું હતું

સચિન GIDCમાં પકડાયેલા નકલી ઘી રેકેટમાં ડીસીપી રાજદીપ સિંહ નકુમના જણાવ્યા અનુસાર, આરોપીઓ માત્ર પામ ઓઇલનો ઉપયોગ કરતા નહોતા, પરંતુ ખતરનાક સિન્થેટિક કલર અને ખાસ કેમિકલ એસેન્સ પણ મિશ્રિત કરતા હતા. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે આ ગુનેગારો ડોક્ટરની જેમ સિરીંજનો ઉપયોગ કરીને ચોક્કસ માત્રામાં કેમિકલ ઉમેરતા હતા, જેથી દરેક બેચમાં સમાન ગુણવત્તાનો ભ્રમ ઉભો થાય. આ રીતે તૈયાર થયેલું ઘી સામાન્ય માણસ માટે સુગંધ અને દેખાવના આધારે અસલી લાગે તેવી કાળજીપૂર્વક તૈયારી કરવામાં આવતી હતી. ગાયના શુદ્ધ ઘીની આબેહૂબ સુગંધ લાવવા માટે ખાસ ફ્લેવર્સનો ઉપયોગ કરાતો હતો, જેથી ગ્રાહકો સરળતાથી ભ્રમિત થાય. પોલીસનું માનવું છે કે આ સમગ્ર પ્રક્રિયા આયોજનબદ્ધ રીતે લાંબા સમયથી ચાલી રહી હતી અને તેનો હેતુ માત્ર નફો કમાવવાનો હતો,ભલે લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થાય.

તલંગપોર ગોડાઉનમાં પણ SOGનો દરોડો

સચિન GIDCમાં મુખ્ય ફેક્ટરી પર દરોડા બાદ ચાલી રહેલી તપાસમાં SOGને વધુ એક મહત્વપૂર્ણ કડી મળી છે. પૂછપરછ દરમિયાન આરોપી ભરત પોલરાએ તલંગપોર વિસ્તારમાં બીજું ગોડાઉન હોવાની કબૂલાત કરી હતી. ત્યારબાદ પોલીસ ટીમ તેને સાથે લઈ ગીતા નગર સ્થિત પ્લોટ નં.79 પર પહોંચી હતી અને સ્થળની તપાસ શરૂ કરી હતી. અહીંથી મોટા

...અનુસંધાન પાના 5 પર

SOGએ જપ્ત કર્યો રૂ. 36.39 લાખોનો મુદ્દામાલ કબ્જે

સચિન GIDC નકલી ઘી કૌભાંડમાં SOG દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં મોટાપાયે મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન ફેક્ટરીમાંથી ફિલિંગ મશીન (રૂ. 2 લાખ), પાઉચ મશીન (રૂ. 3.5 લાખ), કમ્પ્રેસર (રૂ. 30 હજાર) અને સ્લીવ મશીન (રૂ. 40 હજાર) સહિતની મશીનરી મળી આવી હતી. ઉપરાંત 24,000થી વધુ ખાલી પ્લાસ્ટિક ડબ્બા

...અનુસંધાન પાના 5 પર

સુરતના નેતાઓને આઈકોનિક પ્રોજેક્ટની પડી નથી!

50 કરોડના ખર્ચે બનેલા સાયન્સ સેન્ટરમાં હવે અડધા જ મુલાકાતી

જ્યારે શરૂ થયું ત્યારે સાયન્સ સેન્ટરમાં રોજના 300 મુલાકાતી આવતા હતા, હવે 150 પણ નથી

24 કરોડના ખર્ચે બનેલા ઈનડોર સ્ટેડિયમમાં ગરબા રમાડવાને કારણે 20 કરોડ રિપેરિંગ માટે ખર્ચો કરવો પડ્યો

સુરતઃ સુરતમાં માટે એવું કહેવામાં આવે છે કે શહેરમાં ફરવાના સ્થળો નથી પરંતુ તેવું નથી. સુરતમાં ફરવાના સ્થળો છે પરંતુ તેની યોગ્ય રીતે જાળવણી કરવામાં આવતી નથી. નવા સુધારાઓ કરવામાં આવતા નથી અને તેને કારણે તમામ આઈકોનિક પ્રોજેક્ટ 'ધોળો હાથી' બની જાય છે. જે કશા કામમાં આવતો નથી. સુરતમાં આવા બે 'ધોળા હાથી' સમાન પ્રોજેક્ટ છે, સિટીલાઈટનું સાયન્સ સેન્ટર અને અઠવાલાઈન્સનું ઈન્ડોર સ્ટેડિયમ. અઠવાલાઈન્સનું ઈન્ડોર સ્ટેડિયમ તો ઈન્ડોર ગેમ્સ માટે બનાવવામાં આવ્યું હતું પણ તેમાં ગેમ્સ ઓછી અને ગરબા જ વધારે રમાય છે અને આંતરરાષ્ટ્રીય તો કોઈ ગેમ રમાઈ જ નથી.

ઉલ્ટું રૂપિયા 24 કરોડના ખર્ચે 1998માં બનાવવામાં આવેલા ઈન્ડોર સ્ટેડિયમમાં ગરબા રમાડવાને કારણે જ રૂપિયા 20 કરોડનો રિપેરિંગનો ખર્ચો કરવો પડ્યો છે. ગરબામાં જેટલી આવક નથી થઈ તેટલી તો તેના કારણે રિપેરિંગ માટે નાણાં ખર્ચવા પડ્યા છે. આવી જ હાલત સિટીલાઈટના સાયન્સ સેન્ટરની પણ છે. વર્ષ 2009માં રૂપિયા 50 કરોડના ખર્ચે આ સાયન્સ સેન્ટર બનાવવામાં આવ્યું હતું. જ્યારે બન્યું ત્યારે એવા બણગાં ફુંકાયા હતા કે આ સાયન્સ સેન્ટર આખા રાજ્યનું શ્રેષ્ઠ હશે અને તેમાં ફન સાયન્સ, ડાયમંડ, ખોજ મ્યુઝિયમસ પાવર ઓફ પ્લે ગેલેરી, ડિજિટલ પ્લેનેટોરિયમ, થ્રીડી થિયેટર અને ઓડિટોરિયમ હશે. સમય જતાં તેનું કોઈ જ ધ્યાન રાખવામાં આવ્યું નહીં અને આજે કોઈને જ જાણ નહીં હોય કે આવી ગેલેરીઓ સાયન્સ સેન્ટરમાં છે. જ્યારે શરૂ થયું ત્યારે રોજના 300 જેટલા મુલાકાતીઓ આવતા હતા અને આજે 150 પણ નથી. મત માંગવા માટે આવતાં નેતાઓએ આ બંને આઈકોનિક પ્રોજેક્ટ માટે કશું જ કર્યું નથી અને હવે ચૂંટણી ટાણે મતદારોને જાગવાનો સમય આવી ગયો છે.

મતદારો નેતાઓને પ્રશ્નો પૂછે કે કેમ સાયન્સ સેન્ટરમાં મુલાકાતી ઘટી ગયા? કેમ ઈનડોર સ્ટેડિયમમાં કોઈ ગેમ્સ રમાડાતી નથી?

- 1998માં ઈન્ડોર સ્ટેડિયમ બન્યું અને તેના માટે રૂપિયા 24 કરોડનો ખર્ચ કરાયો, પરંતુ શા માટે ઈન્ડોર ગેમ્સ આવતી નથી?
- શા માટે ગરબા માટે ઈન્ડોર સ્ટેડિયમ ભાડે અપાયું? ગરબાને કારણે જ વધુ 20 કરોડનો ખર્ચો થયો તો હજુ પણ શા માટે ગરબા રમાડવાની મમત છે?
- સાયન્સ સેન્ટર માટે 2009માં રૂપિયા 50 કરોડનો ખર્ચો કરાયો પરંતુ હાલમાં કેમ મુલાકાતીઓ ઘટી રહ્યા છે?
- સાયન્સ સેન્ટરમાં ગેલેરીઓમાં કેમ નવીનતા લવાતી નથી? શા માટે ખોજ મ્યુઝિયમને જ ખોજવું પડી રહ્યું છે?
- ફન સાયન્સ ગેલેરીમાં શા માટે પ્રયોગાત્મક સાધનો ઘટી ગયા?
- સાયન્સ સેન્ટરમાં થ્રીડી થિયેટરમાં કેટલી થ્રીડી ફિલ્મો રજૂ કરવામાં આવી?

બિલ્ડર તુષાર ધેલાણી આત્મહત્યા કેસમાં પૂનમ ભદોરિયાની હાઈકોર્ટમાં અરજી

નિયમિત જામીન મેળવવા અને ફરિયાદ રદ કરવાની પૂનમની માંગ, 22મી એપ્રિલે સુનાવણી થશે

અમદાવાદઃ સુરતના જાણીતા બિલ્ડર તુષાર ધેલાણી આત્મહત્યા કેસમાં નવો વળાંક આવ્યો છે. આ કેસમાં બિલ્ડર તુષાર ધેલાણી મહિલા મિત્ર પૂનમ ભદોરિયા દ્વારા હવે જેલમુક્ત થવા માટે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી ગુજરાત હાઈકોર્ટમાં નિયમિત જામીન મેળવવા માટે અને ફરિયાદ રદ કરવા અરજી કરી છે. આ અરજીની પ્રાથમિક સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી વધુ સુનાવણી 22 એપ્રિલે રાખી છે.

ઉલ્લેખનીય છે કે, બિલ્ડર તુષાર ધેલાણીએ આત્મહત્યા કરતાં સમગ્ર સુરતમાં ખળભળાટ મચી ગયો હતો. ઘટનાને પગલે તેમની પુત્રીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, આ ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પૂનમ ભદોરિયા તેમના પિતાને માનસિક અને શારીરિક રીતે ત્રાસ આપતી હતી. ફરિયાદ મુજબ પૂનમ દ્વારા બ્લેકમેઈલિંગ અને નાણાકીય માંગણીઓ કરીને સતત હેરાનગતિ કરવામાં આવતી હતી. પરિવારજનોએ પણ દાવો કર્યો છે કે, તુષાર ધેલાણીની દીકરીના લગ્ન પહેલાંના દિવસોમાં પૂનમે સતત ફોન કરીને તેમને પરેશાન કર્યા હતા.

પોલીસ તપાસમાં પણ મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. આત્મહત્યા કરતાં એક દિવસ પહેલાં પૂનમે તુષારને અનેક વખત ફોન કર્યા હોવાના કોલ રેકોર્ડ્સ સહિતના ટેકનિકલ પુરાવા પોલીસને મળ્યા છે. આ પુરાવાના આધારે પોલીસે

...અનુસંધાન પાના 5 પર

મરજી મુજબ સગાઈ નહીં થતાં સાસુ-સાળીના દીકરાને સળગાવ્યા

પાંડેસરામાં રહેતા આશા જાદવની દીકરીની સગાઈ પોતાના સગામાં કરવા બનેવી મનોહર ઈચ્છતા હતા.

દીકરીની સગાઈ આશાની માતાએ કરાવી દેતા નારાજ મનોહરે સાસુ પર પ્રવાહી છાંટી સળગતા લાકડાથી આગ ચાંપી દીધી

બાદમાં આશા જાદવના પુત્રને સળગાવી દેવાનો મનોહરે પ્રયાસ કર્યો, સાસુની હાલત નાજૂક

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં એક કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. દીકરીની સગાઈ પોતાની મરજી મુજબ ન થતા ઉશ્કેરાયેલા એક શખ્સે પોતાની જ સાસુને જાહેરમાં જીવતી સળગાવી દઈ હત્યાની કોશિશ કરી છે. પાપી જમાઈએ માત્ર સાસુ જ નહીં, પણ પોતાની સાળીના દીકરા પર પણ જ્વલનશીલ પદાર્થ ફેંકી તેને મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ કરતા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારે ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે દાઝી ગયેલા વૃદ્ધા હાલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

પાંડેસરાની શ્રીરામ નગર સોસાયટીમાં રહેતા અને વિધવા જીવન વિતાવતા આશાબેન જાદવની દીકરી રોહિણીની સગાઈ તેમની માતા રત્નાબેન સોનવણેએ કરાવી હતી. આ સગાઈ બાબતે આશાબેનના બનેવી મનોહર હેમંત મહાજન

...અનુસંધાન પાના 5 પર

પતિ-પત્નીના ઝઘડામાં 8 વર્ષના પુત્રનું કાકા દ્વારા જ અપહરણ

અડાજણમાં રાત્રે અચાનક કારમાં બાળકનું અપહરણ કરાતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી

કારના નંબર તેમજ લોકેશનના આધારે તપાસ કરતાં ખબર પડી કે બાળકનું તેના કાકા દ્વારા જ અપહરણ કરાયું છે



સુરતઃ શહેરના અડાજણ વિસ્તારમાં ગઈકાલે સાંજે એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. મણિભદ્ર વ્યુ સોસાયટીમાં ઘર પાસે રમી રહેલા ૮ વર્ષના માસૂમ બાળકનું અજાણ્યા કાર ચાલકે અપહરણ કરતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, અડાજણ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ગણતરીના કલાકોમાં

...અનુસંધાન પાના 5 પર

બાળકને તેના પિતા પાસે લઈ જવા માટે કાકાએ અપહરણ કર્યાની સંભાવના

રાત્રિના અંધકારમાં પોલીસે કારનો પીછો કર્યો અને તપાસમાં એવું તથ્ય સામે આવ્યું કે જેણે માતાના ખોળામાંથી પુત્રને છીનવ્યો હતો, તે બાળકના પિતાનો જ ભાઈ એટલે કે સગો કાકો છે.પતિ-પત્ની વચ્ચેના અણબનાવનો બદલો લેવા અથવા બાળકને પિતા પાસે લઈ જવાના ઈરાદે કાકાએ આ કૃત્ય કર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ લાગી રહ્યું છે. પોલીસે કારના નંબર અને મોબાઈલ લોકેશનના આધારે તપાસ કરતા જાણવા મળ્યું કે અપહરણકર્તા બાળકને

...અનુસંધાન પાના 5 પર

સુરત મહાનગર પાલિકાની ચૂંટણી તંત્ર માટે પણ અઘરી બનશે

15થી વધુ ઉમેદવારોને કારણે 14 વોર્ડમાં ડબલ બેલેટ યુનિટ

લિંબાયત-ઉધના ઝોનમાં સૌથી વધુ 26 ઉમેદવાર, સોની ફળિયા-નાનપુરામાં સૌથી ઓછા 10



પ્રારંભિક 1059માંથી હવે 483 ઉમેદવાર જ મેદાનમાં

ચૂંટણી માટે શરૂઆતમાં કુલ 1059 ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પરંતુ ચકાસણી દરમિયાન 561 ફોર્મ રદ થયા હતા. ત્યારબાદ ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે વધુ 16 ઉમેદવારોએ પોતાનું નામ પાછું ખેંચ્યું હતું. પરિણામે હવે કુલ 483 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

સુરતઃ સુરત મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી-2026ને લઈ રાજકીય હલચલ તેજ બની છે. કુલ 30 વોર્ડ માટે યોજાનારી ચૂંટણીમાં 14 વોર્ડમાં 15થી વધુ ઉમેદવારો હોવાથી ત્યાં ડબલ બેલેટ યુનિટનો ઉપયોગ કરવામાં આવશે.

વોર્ડ નંબર 25 લિંબાયત-ઉધના યાર્ડમાં સૌથી વધુ 26 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, જ્યારે વોર્ડ નંબર 21 સોનીફળિયા-નાનપુરા-અઠવા-પીપલોદમાં સૌથી ઓછા 10 ઉમેદવારો છે. વોર્ડ નંબર 3 (વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા), 8 (ડભોલી-સિંગણપોર), 11 (અડાજણ-ગોરાટ), 12 (નાણાવટ-સૈયદપુરા-કુંભેરનગર-મહિધરપુરા), 13 (વાડીફળિયા-

...અનુસંધાન પાના 5 પર

દ.ગુ.ના ડાંગ-તાપી જિલ્લામાં તા.20, 21મીએ માવઠાની આગાહી

18મી એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળા પવનો ફુંકાવાથી અસહ્ય ગરમીનો અનુભવ થશે

19-20ના રોજ ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદ પડવાની આગાહી

અમદાવાદઃ ગુજરાતમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. એક તરફ રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને વટાવી ગયો છે, ત્યારે બીજી તરફ હવામાન વિભાગે આગામી દિવસોમાં ઉત્તર, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, જ્યારે ત્યારબાદ 2થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી દિવસોમાં તાપમાન 40 ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે હવામાન વિભાગે વરસાદ અંગે પણ આગાહી કરી છે. 19 એપ્રિલથી 20 એપ્રિલ સવારે સુધી ઉત્તર ગુજરાતના અરવલ્લી, દાહોદ અને મહિસાગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે છાંટા પડી શકે છે. સાથે જ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ વરસાદની શક્યતા છે. ત્યારબાદ 20થી 21 એપ્રિલ દરમિયાન દક્ષિણ ગુજરાતના તાપી અને ડાંગ તેમજ સૌરાષ્ટ્રના

...અનુસંધાન પાના 5 પર

મુન્દ્રાથી સુરત, મુંબઈની સ્ટાર એરની નવી ફ્લાઈટ સ્થગિત

એરકાફ્ટની સમસ્યાને લીધે હવે સ્ટાર એર મેના ફર્સ્ટ વીકથી ફ્લાઇટ શરૂ કરે એવી શક્યતા.

સુરતઃ સ્ટાર એર દ્વારા તા.26 એપ્રિલ-2026થી મુન્દ્રાથી સુરત અને મુન્દ્રા મુંબઈ સહિત કુલ 30 ફ્લાઇટ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પણ એરક્રાફ્ટની સમસ્યાને લીધે આ નવી ફ્લાઇટ સ્થગિત કરી છે. શક્યતા એ છે કે, હવે 1 મે-2026ના રોજ નવી જાહેરાત થઈ શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ નવી ફ્લાઈટનું ઓપરેશન એક વીક સ્થગિત કર્યું છે. એરલાઈને મુન્દ્રા એરપોર્ટથી નવી ફ્લાઈટ્સ જાહેર કરી હતી. એમાં એક મુન્દ્રા-સુરતની પણ હતી. અગાઉ જાહેર થયેલી વિગત મુજબ આ સેવા અઠવાડિયામાં પાંચ દિવસ એટલે કે રવિવાર, સોમવાર, મંગળવાર, બુધવાર અને શુક્રવારે ઉપલબ્ધ રાખવામાં આવી હતી. અલગ-અલગ દિવસોમાં ફ્લાઈટના સમયપત્રકમાં થોડો ફેરફાર રાખવામાં આવ્યો છે. મંગળવાર અને બુધવારે ફ્લાઇટ મુન્દ્રાથી સવારે 10:45 કલાકે ઉડાન ભરી સુરત ખાતે 11:55 કલાકે પહોંચશે. બાદ સુરતથી 12:15 કલાકે રવાના થઈ 13:15 કલાકે મુન્દ્રા પરત ફરશે. જ્યારે રવિવાર, સોમવાર અને શુક્રવારે મુન્દ્રાથી સવારે 10:45 કલાકે ઉડાન ભરાતી ફ્લાઈટ સુરત ખાતે 11:55 કલાકે પહોંચશે, પરંતુ પરત ફરતી ફ્લાઈટ સુરતથી બપોરે 15:25 કલાકે રવાના થઈને 16:35 કલાકે

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

અનાવિલ અવસાન

સ્વ. કિરીટભાઈ ધીરુભાઈ મહેતા (Retired Bank of India) સ્વર્ગવાસ તા. ૧૪.૦૪.૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન શ્રી કિરીટભાઈ ધીરુભાઈ મહેતાનું દુઃખદ અવસાન તા. ૧૪.૦૪.૨૦૨૬ ને મંગળવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્ગતની સંયુક્ત પ્રાર્થના સભા તા. ૧૮.૦૪.૨૦૨૬ ને શનિવારના રોજ બપોરે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન શ્રી દયાળજી આશ્રમ, બીજા માળે, મજુરાગેટ, સુરત ખાતે રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

લિ.

રંજનબેન (ગીતા) કિરીટભાઈ મહેતા (Retired Bank of India)

પૂર્વી ઉમેશ દેસાઈ (પુત્રી)	નેહા ભાવેશ શાહ (પુત્રી)
ઉમેશ રણછોડજી દેસાઈ (જમાઈ)	ભાવેશ મહેન્દ્રભાઈ શાહ (જમાઈ)

ધ્વનિ, નિર્સગ, જશ

શ્વસુર પક્ષ : દિલીપભાઈ ધીરજલાલ દેસાઈ, સુભાષ ધીરજલાલ દેસાઈ (ગામ : દેગામ)

ત્રિમાસિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬ કોસાડ, સુરત શહેર

સુરત શહેરના કોસાડ ગામના ખમીરવંતા સહકારી અને રાજકીય અગ્રણી તેમજ અમારા પરમ મિત્ર સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા ના દેહત્યાગને આજે ત્રણ માસ પૂર્ણ થયા. જિલ્લાના સહકારી-રાજકીય સંસ્થાઓને સદા ધબકતું રાખનારા 'જિલ્લાના સિંહ' તથા જેમના પુરૂષાર્થ, નિષ્ઠા, ખંત, પ્રમાણિકતા અને નિઃસ્વાર્થ ભાવે ઘી કોસાડ ગ્રુપ કો.ઓ. કોટન સોસાયટી લી. ની સ્થાપના કરી વર્ષો સુધી સતત પ્રમુખપદે સેવા આપી સંસ્થાનું સ્મારક ઉભું કરનાર સ્વ. ચંદ્રસિંહ બાકરોલા જેવા સહકારી મહાનુભાવ અગ્રણી હવે પેઢા વશે કે કેમ ? તે સંશય છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તે માટે અમો ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

લિ. તમારાથી વિખુટા પડેલ સહકારી મિત્રો

બાબુભાઈ છોટુભાઈ દેસાઈ તથા પરિવારજનો. રાજેશભાઈ રમણલાલ દેસાઈ (પ્રમુખ-ધી અમરોલી વિભાગ કાર્યકારી સહકારી મંડળી લી.-અમરોલી)

નાણાંવટ ફળિયું, મોટાવરાછા, સુરત. મો. : ૯૯૨૫૩ ૭૬૪૭૨

અનાવિલ અવસાન પ્રાર્થનાસભા

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા સ્વજન

વત્સલ દિનકરભાઈ નાયકનું

તા.૧૬/૦૪/૨૦૨૬ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

વત્સલ દિનકરભાઈ નાયક
સ્વ.તા.૧૬/૦૪/૨૦૨૬

:: પ્રાર્થનાસભા ::
તા.૧૮/૦૪/૨૦૨૬ ને શનિવાર
સમય : સાંજે ૪.૦૦ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા સુધી
:: સ્થળ ::
મૈત્રી હોલ, લોઅર ગ્રાઉન્ડ, તેરાપંથ ભવન, સીટીલાઈટ, પાર્લેપોઈન્ટ, સુરત

(નાયક પરિવાર તથા દેસાઈ પરિવાર (પિયરપક્ષ) નું સંયુક્ત બેસણું રાખેલ છે.)

લિ. શોકાતુર પરિવાર

નેહા વત્સલ નાયક (પત્ની)

દિનકરભાઈ નાયક (પિતા)	સરોજબેન નાયક (માતા)
પરમ વત્સલ નાયક (પુત્ર)	મેઘા હેમુલ દેસાઈ (બહેન)
તીરૂજા પૂર્વા સુરાણા (પુત્રી)	પૂર્વા માનવ સુરાણા (જમાઈ)